सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૯ ડિસેમ્બર -૨૦૦૬ અંક - ૩

## વાલીઓને....

બાલમંદિરમાં ઈન્ટરવ્યુ નહિ લેવાય તેવું શારદામંદિરના બાલમંદિરના દરેક પ્રવેશ પરિપત્રોમાં અમે જણાવ્યું છે. બાલમંદિરનાં પ્રવેશ માટે બાળકનો ઈન્ટરવ્યુ અમે ક્યારેય લેતા નથી.

આનું કારણ સ્પષ્ટ છે , બે સવા બે વર્ષના બાળક પાસેથી અપેક્ષિત જ્ઞાનની ચકાસણી કરવી તે બેહૂદું અને અનાવશ્યક છે. બાળક માનસિક અથવા શારીરિક રીતે કોઈપણ પ્રકારની ક્ષતિ ધરાવે છે કે કેમ, તે જોવું આવશ્યક બને છે, કારણકે તે બાળકને જો કોઈ શારીરિક ક્ષતિ હોય તો નાના બાળકોમા તેને ઈજા પહોંચવાનો સંભવ વધારે રહે છે અને આવા બાળકોને તેઓ સક્ષમ બને એટલે તાલીમ અથવા પહેલા ધોરણમાં અમે ભવિષ્યમાં નિશ્ચિતપણે પ્રવેશ આપીએ છીએ.

પ્રવેશની અગ્રતામાં અમે ભૂતપૂર્વ વિદ્યાર્થીનાં બાળકો, જે વિદ્યાર્થીઓ આ સંસ્થામાં અભ્યાસ કરતા હોય તેના ભાઈબહેનો, નજીકના વિસ્તારમાં રહેતા બાળકો વિગેરે બાબતોને ધ્યાનમાં રાખીને અગ્રતા ક્રમ આપતા હોઈએ છીએ. મને જણાવતાં આનંદ થાય છે કે કોર્ટ તરફથી પણ આ પ્રકારનો જ અભિગમ અપનાવવા જણાવ્યું છે. જે શાળામાં પોતાનાં બાળકને મૂકે તે શાળા પ્રત્યે પણ વાલીએ પોતે શિસ્ત અને જવાબદારી અદા કરવાની રહે તે સ્વાભાવિક છે, એટલે કે સંસ્થાના નીતિ નિયમો, સંસ્થાની મર્યાદા વગેરે બાબતો તેણે ધ્યાનમાં રાખવી પડે. પ્રવેશ અંગેની કાર્યવાહી અત્યંત જટીલ છે, છતાં તેની વસ્તુનિષ્ઠ બાબતો ધ્યાનમાં રાખીને સુનિશ્ચિત કરવા માટે કોર્ટ તરફથી અભિગમ દર્શાવ્યો છે, તે અત્યંત આવકારપાત્ર અને ખૂબ વહેલો હોવો જોઈતો હતો તેવું અમે માનીએ છીએ.

આપણે જરૂર અપેક્ષા રાખીએ કે આનાથી શાળાનાં અને સમાજનાં પ્રશ્નો સહેલાઈથી હલ થઈ શકે.

ઇન્દુબાઈબહેન
ના વંદન

## અંગ્રેજી માધ્યમના પ્રવેશ અંગે.

શ્રેણી ૮ થી ૧૦માં અંગ્રેજી માધ્યમમાં જેઓને પ્રવેશ જોઈતો હોય તેવા વિદ્યાર્થીઓ માટેના ફોર્મ શાળાની ઓફિસમાંથી લઈને ફોર્મ ભરીને ઓફિસમાં શાળાના સમય દરમ્યાન રજૂ કરવા.

આ માટેની પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે અને લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને જૂન-૨૦૦૭થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી પ્રવેશ આપવામાં આવશે.

## સ્મૃતિચિત્રો

(શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસા, ભારત સરકારે જેમનું સમાજ સેવા માટે સન્માન કર્યું છે જેઓ સામાજિક કાર્યકર છે, તે આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતાં અને સાપુતારામાં આદિવાસી વિસ્તારમાં અનુકરણીય શિક્ષણનું કામ અત્યારે પણ ઘણી મોટી ઉંમરે તેઓ કરી રહ્યા છે તેમનાં સંસ્થા સાથેના સ્મરણો નીચે જણાવેલ છે.)

" સંસ્થાના સ્થાપક શ્રીમતી સવિતાબેન ત્રિવેદીને અમે 'બહેન'ના પ્યારા નામથી સંબોધન કરતાં, તેઓ દરેક છોકરીના વ્યક્તિત્વ ઘડતરમાં ઝીણવટભર્યો, પ્રેમપૂર્ણ અંગત રસ લેતા, નાનામોટા કાર્યો કરવાની જવાબદારી તેઓ વિચારપૂર્વક સોંપતા અને તકેદારી રાખતાં, પ્રાર્થના વખતે કલાભરી ફૂલોની ગોઠવણી, ઘીની દીવી, ધૂપસળી આ બધા માટે તેઓ ખૂબ આગ્રહી રહેતાં.

તે જમાનામાં માત્ર ધંધાદારી નાટકો ભજવાતા તેની જગ્યાએ ત્રણ કલાકની નૃત્ય નાટિકા અને તે પણ શાસ્ત્રીય સંગીતમાં ગૂંથેલી રજૂ કરવાનો યશ તેમને ફાળે જાય છે. સંગીત ગુરુ પ્રજ્ઞાચક્ષુ મણીભાઈએ મામેરાનાં કર્ણપ્રિય ગીતો શાસ્ત્રીય રાગ રાગિણીમાં કમ્પોઝ કર્યા હતા, તેમાંય યમન કલ્યાણમાં બેસાડેલી પંક્તિઓ તેમજ ભીમપલાસમાં રજૂ થયેલ ગીતો સદાય અવિસ્મરણીય રહેશે. બહેન અને હું ત્યારબાદ ૧૦ વર્ષ સુધી નાથીબાઈ દામોદર ઠાકરસીના વિદ્યાપીઠની સેનેટમાં સાથે રહેલાં. મારા જીવન ઘડતરમાં તેઓએ જે ભાગ ભજવ્યો છે તે અવિસ્મરણીય છે."

★★★★

કોઈપણ સમાજના પ્રશ્નોનો ઉકેલ ગંભીરપણે વિચારાય છે ત્યારે અંતે વિચારકો કેળવણી ઉપર આવીને અટકે છે. કેળવણી જો યોગ્ય રીતે આપવામાં આવે તો બધા પ્રશ્નોનો ઉકેલ સરળ બની જાય એમ લાગે છે. પણ યોગ્ય રીતની કેળવણી કઈ એ વળી ઓછો મૂંઝવનારો પ્રશ્ન નથી.

માણસ માટે બીજા પ્રાણીની પેઠે ચારો તૈયાર નથી, ચારો મેળવવા એણે સજ્જતા કેળવવાની છે. એટલે સામાન્ય રીતે આજીવિકાના કોઈ ને કોઈ સાધન પર કાબૂ મેળવવો એ માનવીના કેળવણીનું એક મુખ્ય ધ્યેય થઈ પડે છે.

કેળવણીનું મુખ્ય કામ દરેક માણસની અંદર રહેલા સર્જકત્વને સક્રિય બનાવવાનું છે. માણસને જીવનમાં અમુક એક જાતની જ પરિસ્થિતિનો સામનો કરવાનો આવશે એવું નથી. માણસ જે કોઈ પરિસ્થિતિમાં મૂકાય તેનો પોતે રચનાત્મક ઉપયોગ કરી શકે એવી સ્થિતિમાં એ હોવો જોઈએ. સાચો કેળવણીકાર કોઈ ચોક્કસ ઉકેલો હાથમાં પકડાવતો નથી, પણ ઉકેલ શોધવાની પ્રક્રિયા માણસમાં કામ કરતો થાય એમાં મદદરૂપ બને છે.

**- ઉમાશંકર જોષી ( કેળવણીનો કીમિયોમાંથી )**

## સાચું ઘરકામ

'અરે અભિષેક ! શું કરે છે ક્યારનો ? હવે તો વેકેશન પડયું છે... રજાની મઝા તો માણ... જા... નીચે રમવા જા તો... આ શું ! ઘરકૂકડીની જેમ ઘરમાં ચોપડીઓ લઈને બેઠો છે ! સ્કૂલ ચાલુ હોય ત્યારે તો સમજ્યાં કે લેસનનું ટેન્શન હોય પણ રજા હોય ત્યારે તો મઝા કરો... અને એમાં ય આ તો વળી દિવાળીની રજા... એની મઝાની તો કંઈ વાત જ જુદી હોય ને ! સેવસુંવાળી ખાવાનાં, દારૂખાનું ફોડવાનું, નવા નવા કપડાં પહેરી બધાંને મળવા જવાનું, રંગોળી કરવાની, સાથિયા કરવાનાં દિવા કરવાના, કેવી મઝા આવે !'

'પણ મમ્મી... તું જો તો ખરી... અમારા ટીચરે તો આ વેકેશનનું લેસને ય કેટલું બધું આપ્યું છે ! - બસો તો ઘડિયા લખવા આપ્યા છે. અમને કહે, રોજ એકથી દાન સુધીના આંક લખવાનાં, એટલે ઘડિયા ભૂલી ન જવાય.. મમ્મી રોજ રોજ તે દિવાળીની રજામાં આંક લખવા ગમે ? અને એટલે હું તો અત્યારે જ લખવા બેસી ગયો છું, બે દિવસમાં લખીને મૂકી દઉં એટલે પછી દિવાળીમાં મઝા જ મઝા થાય ને !' અને મેં અભિષેકની નોટ જોઈ, નહી અક્ષરના ઠેકાણા અને ઠેકઠેકાણે ભૂલો ય ખરી... થાય જ ને - આટલા નાના ત્રીજા ધોરણમાં ભણતાં છોકરાંને તે વળી બસો ઘડિયા લખવાનું લેસન અપાય ખરું ! એ સાંભળી એ ભડકે નહીં તો શું થાય ? વેઠ ન વાળે તો એ બીજું કરે શું ? વેકેશનમાં લેસન આપવા પાછળનો હેતુ તેઓ અભ્યાસથી વિમુખ ન થઈ જાય અને ભણેલું ભૂલી ન જાય તે હોય પણ એમાંથી એક્કે ય હેતુ આવા લેસનથી પાર પડે છે ખરો !

પેલા પુનિતાબેને પર્યાવરણના પચાસેક પ્રશ્નોના જવાબો બે બે વખત લખવા આપ્યાં, એને બદલે એક જ વખત લખવા આપ્યાં હોય તો કદાચ બાળક શાંતિથી, રસથી લખે, તો સારુ યાદ પણ રાખી શકે, સારા અક્ષરે ય કાઢી શકે. બાળકને અભ્યાસમાં રસ પડે એ મહત્વનું છે, માત્ર ગધ્ધાવૈતરૂં કરાવવાથી એને રસ ન પડે કે એને યાદે ન રહે, એને અંદરથી ભણવા માટેની રૂચિ થાય તેવું વાતાવરણ ઉભું કરવાની ખાસ જરૂર છે. આ ભણવું એટલે માત્ર પાઠયપુસ્તકોમાં આપેલાં પાઠોનું પઠન જ નહીં પણ એના સંદર્ભમાં રહીને કરી શકાય એવી બધી જ પ્રવૃત્તિઓનો તેમાં સમાવેશ જો કરીએ તો બાળકને ઘણું બધું જાણવા તો મળે જ પણ એની રચનાત્મક અને સર્જનાત્મક શક્તિ પણ ઘણી ખીલે, બાળકમાં અઢળક જીજ્ઞાસાવૃત્તિ પડેલી છે, અને એને જો આવી કોઈ પ્રવૃત્તિ પ્રત્યે આંગળી ચીંધવામાં આવે તો એ એવું તો કામે લાગી જાય છે ને તેમાંથી જે નવું સર્જન થાય છે તેનો તાદ્દશ અનુભવ તો આ વખતે દિવાળી વેકેશન પૂરું થતા થયો.

ધોરણ ૧ થી ૭ માં આ વખતે દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓને ભણવાનાં ઘરકામને બદલે આવું ઘરકામ આપવામાં આવ્યું અને સ્કુલ ઉઘડતાં બાળકો જે કામ લઈને આવ્યાં... અદ્‌ભૂત ! કોઈકે કવિઓ તો કોઈકે લેખકો વિષે અંકો બનાવ્યા, કોઈકે કોમ્યુનીટી સાયન્સ સેન્ટર પર જઈ તેના ફોટોગ્રાફ જાતે લઈને તેની પૂરી માહિતીનો અંક બનાવ્યો તો કોઈકે એરોપ્લેન વિષે અંક બનાવ્યો હતો. કોઈકે પેરીસ્કોપ બનાવ્યો હતો તો કોઈકે દુનિયાના વિવિધ દેશોના ધ્વજ ભેગા કર્યા હતા. વિદ્યાર્થીઓનાં ફળદ્રુપ ભેજામાંથી કેટકેટલી સર્જનાત્મકતા પ્રગટ થઈ હતી ! એ તો એનું પ્રદર્શન યોજાયું ત્યારે જ ખ્યાલ આવ્યો, વિદ્યાર્થીને આપણે ચોપડીનાં પાનામાંથી માથું બહાર કાઢવા જ ન દઈએ તો તેની શક્તિ ખીલે જ ક્યાંથી !

આજના વિદ્યાર્થીમાં તો ઘણું હીર પડયું છે પણ આપણી પરીક્ષાનાં માર્કસની ઘેલછાને કારણે આપણે એને ચોપડી અને નોટો સાથે એવા તો જકડી દઈએ છીએ કે એની જીજ્ઞાસાવૃત્તિને સાવ જ મૂરઝાવી દઈએ છીએ. એની રચનાત્મક શક્તિ, સર્જનાત્મક શક્તિને ખીલવાની તક જ આપતા નથી, વારંવાર ટોકીએ છીએ. 'ભણવા બેસ, ભણવું જ ગમતું નથી' પણ ભણવા સિવાય પણ બાળક કેટલું બધું કરી શકે છે તે તો આવું પ્રદર્શન જોઈએ ત્યારે જ સાચો ખ્યાલ આવે તેમ હતું. પાઠયપુસ્તકોના પાનાનું જ્ઞાન એ જ માત્ર જ્ઞાન નથી. દુનિયામાં ચારે બાજુ જ્ઞાનનાં અઢળક ભંડાર પડયાં છે તે માટે દ્રષ્ટિ કેળવવાની જરૂર છે. આ પ્રોજેકટમાં વાલીઓનો સહકાર પણ ધન્યવાદને પાત્ર હતો.

ઊર્મિલા શાહ

## 'છોકરાં ભણાવવાં સહેલાં નથી'

સંસ્થાના કો-ઓર્ડિનેટર શ્રીમતી ઊર્મિલાબેન શાહ વર્ષોથી અનેક વાલીઓ સાથે બાળકોના શિક્ષણ અંગેની સમસ્યાઓની ચર્ચા કરે છે. બાળકોને ખૂબ નજદીકથી જોવાની તેમને તક સાંપડે છે એટલું જ નહિ પણ શાળાનું વાતાવરણ, શાળાનું શિક્ષણ અને તેનો માહોલ, આ બધાં સાથે તે સતત સંપર્કમાં રહે છે અને એટલે જ દિવસે દિવસે છોકરાઓને ભણાવવા એ કેટલું મુશ્કેલ બનતું જાય છે એ પ્રશ્ન તેમના મગજમાં સતત ઘુમરાતો રહે છે. ચારે બાજુ વાતાવરણ બદલાતું જાય છે, ત્યારે માબાપ અને શિક્ષકો માટે આ પુસ્તક 'છોકરાં ભણાવવાં સહેલાં નથી' એક જરૂરી, માર્ગદર્શક રૂપ નીવડે તેવું પુસ્તક છે.

આ પહેલા ઊર્મિલાબેનના અગિયાર પુસ્તકો ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે જ પ્રકાશિત કરેલ છે જેમાંથી બે પુસ્તકો ગુજરાત સાહિત્ય એકાદમી અને ગુજરાત સાહિત્ય પરિષદે પુરસ્કૃત પણ કરેલ છે.

સમાજને ઉપયોગી પ્રકાશનને ગૂર્જર હંમેશા પ્રકાશિત કરવાનો ઉત્સાહ ધરાવે છે. ડૉ.ઊર્મિલાબેનના બધા જ પુસ્તક ગૂર્જર સાહિત્ય તરફથા બહાર પાડવામાં આવ્યા છે.

ગૂર્જર પ્રકાશન આ માટે અભિનંદનનું અધિકારી છે.

દિનુભાઈ દવે

★★★★

## આ તે કેવું શિક્ષણ !

આ શિક્ષણ પાછળ ધૂમ પૈસા ખર્ચાય છે, પણ એ શિક્ષણ કોઈને ખપ નથી આવતું, કારણકે માત્ર પાસ થવાનું શિક્ષણ અપાય છે, જે જીવનમાં ખપ આવવાનુ નહીં.

સત્ય ઉપર સારો નિબંધ લખી આપનાર વધારે માર્કસ મેળવી પાસ થાય, જ્યારે સત્યનું આચરણ કરનાર છોકરો જો પરીક્ષામાં બરાબર ન લખી શકે તો નાપાસ થાય ! શરીરને કેળવવા હાથ ઊંચા-નીચા કરાવે, પણ ઉત્પાદક શ્રમ કરવાનું ન શીખવે. એ ભણેલો છોકરો ઘેર લોટોય ન ઉપાડે ! એને પાણી નોકર લાવી આપે ત્યારે ભાઈસાહેબ પીએ ! છોકરીઓને ગૃહવિજ્ઞાનમાં વિવિધ વાનગી બનાવતાં શીખવે. પણ ઘેર તો રસોઈયો કે મા-ભાભી રાંધીને જમાડે ત્યારે બહેન-બાઓ તૈયાર ભાણે જમે ! સીવણ વર્ગમાં સીવણકામ શીખવાય પણ પોતાનાં કપડાં બહાર જ સીવડાવે !

વિદ્યાર્થીઓને આવા પરાધીન બનાવનારી કેળવણીને કેળવણી શી રીતે કહેવાય ? આ તો નકરું ચોપડીઓનું ભણતર છે. કેળવણી તો તેને કહેવાય જે જીવનનું ઘડતર કરે.

રવિશંકર મહારાજ

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૬-૧૧-૦૬ને સોમવારથી શાળાનું બીજું સત્ર શરૂ થયું. દિવાળીની રજાની મઝા માણી બાળકો ફરી હસતાં રમતાં બાલમંદિરમાં પ્રસન્ન ચિત્તે આવી પહોંચ્યા, સૌ બાળકો દિવાળીમાં તેમણે કરેલી મઝાની વાતો કહેવા ઉત્સુક હતાં. તેમાંથી કેટલાકે તો બહુ સરસ રીતે તેમણે માણેલી દિવાળીની રજાની મજાની વાતોની રજૂઆત કરી.

તા.૧૧-૧૧-૦૬ને શનીવારે તાલીમના બાળકો માટે મીની-ઝૂની મુલાકાત યોજાઈ. તા.૧૮-૧૧-૦૬ને શનીવારે બાલમંદિર બ વિભાગના બાળકોએ ઝૂ ની મુલાકાત લીધી. બાળકોએ ત્યાં ખૂબ મઝા માણી. બાળકોને પ્રાણીઓ જોવા ખૂબ ગમે છે.

તા.૧૩-૧૧-૦૬ને સોમવારે બાળકોને કઠપૂતળીનો ખેલ બતાવવામાં આવ્યો. પપેટમાં આવતાં પાત્રો જોવા બાળકોને ખૂબ ગમે છે.

તા.૧૪-૧૧-૦૬ને મંગળવારે બાળદિન નિમિત્તે બાળકોને આપણા દેશનાં પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ વિષે વિસ્તૃત પરિચય આપ્યો, બાળકોનાં પ્યારા 'નેહરુ ચાચા' કેમ કહેવાયા તે વિષે રસપૂર્વક સમજ આપી, અને એટલે જ એમનો જન્મદિવસ બાલદિન તરીકે ઉજવાય છે તે સમજાવ્યું.

શિયાળાની ગુલાબી ઠંડી હવે શરૂ થતાં બાળકોને સમૂહ કસરત શરૂ કરાવવામાં આવી છે.

બાલમંદિર તેમજ તાલીમના બાળકો કમ્પ્યૂટર પર ખૂબ સરસ રીતે કામ કરતા થયા છે.

બાળકોનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટે શારદામંદિર બાલમંદિર તો બધાં જ ક્ષેત્રે સતત પ્રયત્નશીલ અને જાગૃત રહે છે જ પણ તે સાથે જો માબાપ તરફથી પણ યોગ્ય માવજત બાળકને મળે તો સોનામાં સુગંધ ભળે અને બાળક ઘણું આગળ વધી શકે એ નિશ્ચિત છે.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**તોરણ સ્પર્ધા :** તા.૭-૧૦-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | માનસી લાડ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | ભારદ્વાજ પંચોલી | ( રત્નદીપ ) |
| તૃતીય | રોશની મહેતા | ( ગંગોત્રી ) |

**આરતી સ્પર્ધા :** તા.૭-૧૦-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | બિનિતા પરમાર | ( રત્નદીપ ) |
| દ્વિતીય | હેલી સોપારકર | ( રત્નદીપ ) |
| | ક્રિશ્ના શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | માનસી મહેતા | ( ધવલગિરિ ) |
| | મીત શાહ | ( ગંગોત્રી ) |

**રંગોળી સ્પર્ધા :** તા.૭-૧૦-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | કૃતિ શાહ | (મેઘનાદ ) |
| દ્વિતીય | દ્રષ્ટિ ઠક્કર | ( રત્નદીપ ) |
| તૃતીય | કુંજન ગોહેલ | ( મેઘનાદ ) |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :** તા.૭-૧૦-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | હેમ સોપારકર | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | માર્ગી જોષી | ( ધવલગિરિ ) |
| | શિવાની શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | ઉત્સવી શાહ | ( રત્નદીપ ) |

**નિબંધ સ્પર્ધા** તા.૧૫-૧૧-૦૬

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી | પ્રથમ | મૈત્રી શેઠ | ( ધવલગિરિ ) |
| | દ્વિતીય | યત્ન પટેલ | ( ધવલગિરિ ) |
| | તૃતીય | ગેલુ દેસાઈ | ( ધવલગિરિ ) |
| | | જાનકી પટેલ | ( મેઘનાદ ) |
| હિન્દી | પ્રથમ | શૈલી કવિ | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | વિધિ રાવલ | ( રત્નદીપ ) |
| | તૃતીય | શિવાની ઉપાધ્યાય | ( ગંગોત્રી ) |
| | | મિલોની શાહ | ( મેઘનાદ ) |
| અંગ્રેજી | પ્રથમ | કરન શાહ | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | ખુશ્બુ દેસાઈ | ( મેઘનાદ ) |
| | તૃતીય | મૌલી સોની | ( રત્નદીપ ) |
| | | જૂઈ શાહ | ( ધવલગિરિ ) |

ધો.૧ થી ૪ માટે તા.૧૫-૧૧-૦૬નાં રોજ સુલેખન સ્પર્ધા યોજાઈ. બાળકોએ ખૂબ સરસ અક્ષરે સુલેખન કર્યું.

**કલાપ્રતિભા ચિત્ર સ્પર્ધા** **૧૭-૧૧-૦૬**

**ધોરણ-૧** પ્રથમ - નિર્મિત શાહ દ્વિતીય- સચિ ગુર્જર , તનીશા રાજપાલ તૃતીય- પ્રિયલ શાહ, અમાની અમીન

**ધોરણ-૨** પ્રથમ- ક્રિશા શાહ, દ્વિતીય- મોનલ શાહ, ત્વિષા કાપડિયા, જય વાગડીયા, તૃતીય-નિજલ મહેતા,દીપાંશી દોશી, પ્રિયા પટેલ, કરીના શાહ, વિશાલ દુધિયા, જલજ મહેતા.

**ધોરણ-૩** પ્રથમ-નિકેત રસાણિયા, દ્વિતીય- શ્રુતિ શાહ , ઉમંગ વોરા,કશ્યપ ગોહેલ,તૃતીય- પ્રિયલ ફડિયા,રાજ શાહ,ધ્રુવ નવલખા, હેત્વી દેસાઈ, પ્રાચી સોની

**ધોરણ-૪** પ્રથમ- એકતા ઠક્કર, ફલોરા જાની, દ્વિતીય- નતાશા શાહ, સમકિત શાહ, ગરિમા મહેતા, માનસી પરીખ, તૃતીય- ભાષા શાહ, વર્ધન શાહ, હેત્વી ઝવેરી, આત્મિન શાહ, લવ પટેલ.

**ધોરણ-૫** પ્રથમ- ખુશી બ્રોકર, દ્વિતીય- વ્યોમા મહેતા, સૃષ્ટિ ઠક્કર, વૈશલ શાહ, જાનકી પટેલ, તૃતીય- પાર્થ શાહ, સૌમિલ દેસાઈ, ક્રિશ્રા શાહ, પ્રિયાંશી ઠક્કર, કુણાલ પંચાલ, પ્રેરક રાજા

**ધોરણ-૬** પ્રથમ- શૈલી ભટ્ટ, દ્વિતીય- હેલી સોપારકર, દિપશ્રી હેરમા, હેમ સોપારકર, તૃતીય- અલય શાહ, માનસી લાડ, ખુશ્બુ ઠક્કર, યશ્વી દલાલ, એકતા કાપડીયા, ખુશ્બુ દેસાઈ, રાજ પટેલ.

**ધોરણ-૭** મિલોની શાહ, દ્વિતીય- દેવલ ત્રિવેદી, વેદજ્ઞ વૈદ્ય, જીલ ઝવેરી, તૃતીય- શૈલી કવિ, રીયા પટેલ, કુંજલ શાહ, દ્રષ્ટિ ઠક્કર, ભૂમિ શાહ, ખુશ્બુ પંડયા, દિસુ શાહ, અપર્ણા નવલખા.

**સુગમ સંગીત સ્પર્ધા** **તા.૨૪-૧૧-૦૬**

| | | |
|---|---|---|
| પ્રથમ | લાગણી વ્યાસ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | શિવાની ઉપાધ્યાય | ( ગંગોત્રી ) |
| | અમીત દેસાઈ | ( મેઘનાદ ) |
| તૃતીય | ફલક મહેતા | ( ગંગોત્રી ) |

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન આનલ વસાવડાએ નિર્ણાયક તરીકે સેવા આપી.

**તબલા સ્પર્ધા** **તા.૩૦-૧૧-૦૬**

| | | |
|---|---|---|
| પ્રથમ | ધ્રુમિલ પંડયા | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | વિસ્મય મહેતા | ( ગંગોત્રી ) |
| તૃતીય | નીલ વૈદ્ય | ( ધવલગિરિ ) |

સંસ્થાના વિદ્યાર્થી અમન ગોહેલે નિર્ણાયક તરીકે સેવા આપી.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**રંગોળી સ્પર્ધા** **તા.૧૨-૧૦-૦૬**

| | | |
|---|---|---|
| પ્રથમ | રિધ્ધિ મહેતા | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | હેલી શાહ | ( ચંદ્રમૌલિ ) |
| | અદ્વૈતા હળવદીયા | ( પદ્મપુકુર ) |
| તૃતીય | વિરતી શાહ | ( ચંદ્રમૌલિ ) |

**તોરણ સ્પર્ધા** **તા.૧૨-૧૦-૦૬**

| | | |
|---|---|---|
| પ્રથમ | નિરાલી ત્રિવેદી | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | વિધિ વોરા | ( ચંદ્રમૌલિ ) |
| | પ્રાર્થના ઠક્કર | ( પદ્મપુકુર ) |
| તૃતીય | પલક મકવાણા | ( મેઘદૂત ) |

**આરતી સ્પર્ધા** **તા.૧૩-૧૦-૦૬**

| | | |
|---|---|---|
| પ્રથમ | રિધ્ધિ મહેતા | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | પ્રાર્થના ઠક્કર | ( પદ્મપુકુર ) |
| | જગ્નજા પટેલ | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | વૃંદા શર્મા | ( ચંદમૌલિ ) |
| | પંક્તિ મહેતા | ( મેઘદૂત ) |
| | અદિતિ દોશી | ( મેઘદૂત ) |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા** **તા.૧૩-૧૦-૦૬**

| | | |
|---|---|---|
| પ્રથમ | સૌમ્ય શાહ | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | પંક્તિ શાહ | ( પદ્મપુકુર ) |
| તૃતીય | ભૂમિ ચુડાસમા | ( ચંદ્રમૌલિ ) |

**વકતૃત્વ સ્પર્ધા** **તા.૨૧-૧૧-૦૬**

| | | |
|---|---|---|
| પ્રથમ | રિધ્ધિ મહેતા | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | ખુશ્બુ શાહ | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | પૌરિન શાહ | ( ચંદ્રમૌલિ ) |

નિર્ણાયક તરીકે સાહિત્યકાર શ્રી અવંતિકાબેન ગુણવંતે સેવા આપી તે બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

**તબલા સ્પર્ધા** **તા.૨૨-૧૧-૦૬**

| | | |
|---|---|---|
| પ્રથમ | દેવલ ખત્રી | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | જીલ શાહ | ( પદ્મપુકુર ) |
| તૃતીય | પાર્થ ત્રિપાઠી | ( ચંદ્રમૌલિ ) |

નિર્ણાયક તરીકે શ્રી નયનભાઈ દવેએ સેવા આપી.

**સુગમ સંગીત સ્પર્ધા** **તા.૨૯-૧૧-૦૬**

| | | |
|---|---|---|
| પ્રથમ | પલક જોષી | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | શ્રધ્ધા શાહ | ( પદ્મપુકુર ) |
| | રાહીલ જાની | ( પદ્મપુકુર ) |
| તૃતીય | યશ શાહ | ( પદ્મપુકુર ) |
| | અસ્મી કોટ | ( મેઘદૂત ) |
| | પ્રિયંકા ઠાકર | ( મેઘદૂત ) |

નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની બહેન આનલ વસાવડાએ સેવા આપી.

**સાચી કેળવણી**

સાચી કેળવણી તો બાળકોના અંદર રહેલું હીર પ્રગટાવવામાં રહેલી છે. આ વસ્તુ વિદ્યાર્થીઓના મગજમાં નકામી હકીકતોનો ખીચડો ભરવાથી કદી સાધી ન શકાય... - ગાંધીજી

## અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| યંગ એન્વોયઝ | હેમ સોપારકર | ગ્રાન્ડ પ્રીકસ એવોર્ડ |
| ઈન્ટરનેશનલ | પૂર્વાશી ઠક્કર | નેહરુ કલ્ચરલ એવોર્ડ |
| | વ્રજ વાયવાલા | " |
| | સંજના દોશી | " |
| | હેલી સોપારકર | જ્યુરી પ્રાઈઝ |
| | સૌમિલ દેસાઈ | " |
| | યશ્વી પંડયા | " |
| | ઝીલ શાહ | " |
| ધી એક્સપેરીમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લીવીંગ | હેમ સોપારકર | દ્વિતીય |
| ટોયોટો | વ્યોમા મહેતા | પ્રથમ |
| | હેલી સોપારકર | દ્વિતીય |
| | કલ્પિત દવે | તૃતીય |
| | **નિબંધ સ્પર્ધા** | |
| અખિલ હિંદ મહિલા | આર્શ પંડિત | ધો.૫ પ્રથમ |
| પરિષદ એલીસબ્રીજ શાખા | સાહિલ ઠક્કર | ધો.૬ તૃતીય |
| | યત્ન પટેલ | ધો.૭ દ્વિતીય |

**સંસ્થાનું ગૌરવ**

હરિ ૐ આશ્રમ પ્રેરિત રામાનુજન્ ગણિત સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી ધોરણ ૧૦માં શાહ સંવિત અને ધોરણ ૧૧માં પરીખ સહજની રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી થઈ છે તે માટે સંસ્થા ગૌરવ અનુભવે છે.

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિનાર શાહ ગુજરાત યુનિવર્સિટી તરફથી યોજાતા ઈન્ડો જાપાન કલ્ચરલ એક્ષેન્જ પ્રોગ્રામ તરફથી પસંદગી પામીને જાપાન ગઈ તે માટે ધન્યવાદ.

★★★★

આપણે જ્ઞાનનો અર્થ ભણવું એવો કરીએ છીએ, પણ બુદ્ધિથી જાણવું એ જ્ઞાન નથી. મોંમાં બુક્કો મારવાથી ભોજન થતું નથી. મોંમાં ભરેલું બરાબર ચવાઈને ગળે ઉતારવું જોઈએ, ત્યાંથી આગળ હોજરીમાં પહોંચવું જોઈએ અને ત્યાં તે પહોંચીને તેનો રસ થાય એટલે આખા શરીરને લોહીરૂપે પહોંચી તેનાથી પુષ્ટિ મળવી જોઈએ. આટલું થાય ત્યારે સાચું ભોજન થયેલું જાણવું. તે જ પ્રમાણે એકલી બુદ્ધિથી જાણવાથી કાન સરતું નથી. જાણ્યા પછી જાણેલું જીવનમાં ઊંડું ઉતારવું જોઈએ,હૃદયમાં પચવું જોઈએ. હાથ,પગ,આંખો એ બધામાંથી પ્રગટ થતું રહેવું જોઈએ. સર્વ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો વિચારપૂર્વક કાર્ય કરતી હોય એવી સ્થિતિ હોવી જોઈએ.

- વિનોબા

બાળકોને જેમ રમકડાં લાવી આપો, કપડાં લાવી આપો એમ જ સારાંસારાં પુસ્તકો પણ લાવી આપો. રમકડાં એનાં જ હોય ને જેમ એ રમકડાં સાથે સ્નેહ બંધાય છે એમ જ પુસ્તકો જો એનાં જ છે એવી પરિસ્થિતિ ઊભી કરીશું તો પુસ્તકો સાથે સ્નેહ બંધાતાં પણ વાર નહિ લાગે.

- મોહનભાઈ પટેલ

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com